| | | |
|---|---|---|
| RECEIVED ON | 22-05-2026 | |
| REGISTERED ON | 22-05-2026 | |
| DECIDED ON | 27-05-2026 | |
| DURATION | | |
| YEAR: 00 | MONTH: 00 | DAYS:05 |

**EX . 4 /A**

**કચ્છ જિલ્લાના ત્રીજા અધિક સેશન્સ જજ સાહેબની અદાલતમાં,ભુજ–કચ્છ.**

૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–

**ફોજદારી પરચુરણ અરજી નંબર ૬૭૦/૨૦૨૬**

પરવેજ ધનશ્યામભાઇ શર્મા,
કાચા કામના આ.નં.૨૦૦/૨૬,
હાલે રહે.પાલારા ખાસ જેલ,
ભુજ–કચ્છ. ::અરજદાર/આરોપી

વિરુધ્ધ

(૧) શ્રી સરકાર
મારફતે
ખાસ સરકારી વકીલશ્રી,
ભુજ–કચ્છ. ::સામાવાળા

**બાબત :** વચગાળાના જામીન મળવા અંગે......

––––––––––––––––––––––––––––––––––––

અરજદાર તરફે વિધ્વાન એલ.એ.ડી.સી.વકીલશ્રી :–કે.ડી.ગરવા
સામાવાળા તરફે વિધ્વાન સ્પે.પી.પી.શ્રી :–એમ.એમ.પટેલ

––––––––––––––––––––––––––––––––––––

**::- હુકમ ::-**

(૧) અરજદાર/આરોપીએ હાલની જામીન અરજી વચગાળાના જામીન ઉપર મુકત કરવા માટે દાખલ કરેલ છે.અરજદાર/આરોપી સામે ભુજ શહેર એ ડીવીઝન પો.સ્ટે.ગુ.ર.નં.૫૦૮૭/૨૦૧૬, પ્રોહીબીશન એકટની કલમ :- ૬૬(૧)(બી), ૬૫(એ)(ઇ), ૧૧૬(બી),૯૯ મુજબના ગુનાનો આક્ષેપ છે.

(૨) અરજદાર/આરોપી તરફે તેમના એલ.એ.ડી.સી. વિધ્વાન વકીલશ્રી કે.ડી.ગરવાએ અરજી મુજબની દલીલ કરતાં જણાવેલ છે કે, અરજદાર/આરોપી જયુડીશીયલ કસ્ટડીમાં છે તેમજ હાલમાં અરજદારને પીઠના ભાગે દુખાવો થાય છે અને તેઓએ આ બાબતે જનરલ હોસ્પીટલ ભુજ ખાતે સારવાર પણ કરાવેલી પરંતુ કોઇ ફરક પડેલ નથી અને વારંવાર દુખાવો વધતો જાય છે અને આ બાબતે અરજદાર જો વધુ સારવાર કરાવે નહી તો તેઓને તકલીફ વધી જાય તેમ છે અને અરજદારને સારી જગ્યાએ સારવાર કરાવવી હોય તેમજ પરિવારની આર્થીક સ્થીતી સારી કરવી જરૂરી હોય અને બાળકોને એડમીશન કરાવવાનું હોય દિન-૩૦ ના વચગાળાના જામીન ઉપર મુકત કરવા વિનંતી કરેલી છે.

(૩) સરકાર પક્ષે વિ.સ્પે.પી.પી.શ્રી એમ.એમ.પટેલએ તપાસ કરનાર અમલદારનું જે સોગંદનામું રજુ થયેલ છે તે મુજબની રજુઆત કરતા જણાવેલ છે કે, અરજદાર/આરોપીની સારવાર થઇ શકે તે માટે પાલારા ખેલમાં યોગ્ય સારવાર થઇ શકે તેવું આધુનીક દવાખાનું આવેલ છે અને આરોપીએ ગંભીર પ્રકારનો ગુનો આચરેલો છે તેમજ આરોપી ગુજરાત રાજયનો રહીશ નથી અને વચગાળાના જામીન આપવામાં આવે તો નાશી જાય તેવી શકયતા છે તેમજ અગાઉ પણ આરોપી સને ૨૦૧૬ થી ૨૦૨૫ સુધી ધરપકડથી બચવા માટે નાશતો ફરતો રહેલ છે અને આરોપીના રેગ્યુલર જામીન પણ નામંજુર થયેલ છે.વધુમાં, તેઓ તેમની દલીલમાં જણાવે છે કે, હાલનું કામ આરોપીના વિશેષ નિવેદન પર મુલત્વી રહેલ છે અને આરોપીની હાજરી તે માટે અનિવાર્ય છે તેમજ ટ્રાયલ પણ પુર્ણ થવા ઉપર છે. જેથી ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લઇ આરોપીની હાલની અરજી નામંજુર કરવા

વિનંતી કરેલી છે.

(૪) બંને પક્ષકારોની દલીલો ધ્યાને લીધી તેમજ તમામ દસ્તાવેજી આધારો વંચાણે લીધા.અરજદાર/આરોપી હાલમાં ભુજ શહેર એ ડીવીઝન પો.સ્ટે.ગુ.ર.નં.૫૦૮૭/૨૦૧૬, પ્રોહીબીશન એકટની કલમ :- ૬૬(૧)(બી), ૬૫(એ)(ઇ), ૧૧૬(બી),૯૯ મુજબના ગુનાના કામે જયુડીશીયલ કસ્ટડીમાં છે તે રીતે હાલના અરજદાર/આરોપી વિરુધ્ધ ગંભીર પ્રકારના ગુનાનો આક્ષેપ છે.હવે, હાલની અરજી જોવામાં આવે તો અરજદાર/ આરોપીએ પોતાની સારી સારવાર સબબ તેમજ પરિવારની આર્થીક સ્થીતી સારી કરવા તથા બાળકના એડમીશન માટે વચગાળાના જામીનની માંગણી કરેલી છે.આ કામે જેલ ઓથોરીટી સમક્ષથી આવેલ રીપોર્ટ ધ્યાને લેવામાં આવેલ છે તેમજ તપાસનીશ અધિકારીનું સોગંદનામું પણ ધ્યાને લેવામાં આવેલ છે.હવે, અરજદારની અરજીની હકીકતો ધ્યાને લેવામાં આવે તો તેઓએ સારવાર સબબની માંગણી કરેલી છે પરંતુ પાલારા જેલમાં આધુનીક દવાખાનું આવેલ હોવાની હકીકત તપાસનીશ અધિકારીના સોગંદનામા પરથી જણાઇ આવે છે તેમજ ગુનો દાખલ થયા બાદ આ કામના અરજદાર/આરોપી સને ૨૦૧૬ થી ૨૦૨૫ સુધી નાશતા ફરતા રહેલ હોવાની હકીકત પણ તપાસનીશ અધિકારીના રીપોર્ટ પરથી જણાઇ આવે છે તેમજ અરજદાર/આરોપીની રેગ્યુલર જામીન અરજી પણ નામંજુર થયેલ હોવાની હકીકત જણાઇ આવે છે.જેથી અરજદાર/આરોપીની વર્તણુંક જોતાં વચગાળાના જામીન ઉપર મુકત કરવામાં આવે તો તે અન્ય્ રાજયનો વતની હોય નાશી જાય તેવી શકયતા રહેલી છે.વધુમાં, સદરહુ મુળ કામ જોવામાં આવે તો આરોપીના વિશેષ નિવેદન ઉપર મુલત્વી રહેલ છે અને ટ્રાયલ પણ પુર્ણ થવાના આરે છે તેમજ ઉપરોકત હકીકત જોતાં વિશેષ નિવેદનના તબકકે આરોપીની હાજરી અનિવાર્ય બને છે જે તમામ હકીકતો જોતાં આરોપીને વચગાળાના જામીન ઉપર મુકત કરવાનું ન્યાયોચિત જણાતું ન હોય ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**::– હુકમ ::–**

(૧) અરજદાર/આરોપીની હાલની વચગાળાના જામીન ઉપર મુકત થવાની અરજી આથી નામંજુર કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તારીખ : ૨૭મી, માહે : મે, સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

તારીખ :૨૭/૦૫/૨૦૨૬
સ્થળ : ભુજ–કચ્છ.

(વિરાટ અશોકભાઇ બુધ્ધ)
ત્રીજા અધિક સેશન્સ જજ
ભુજ–કચ્છ.
GJ00702

NANDISH/PS